૨૦૧૮-૧૯

આ.વિ.પે.યો

**સને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી વન સંશોધન યોજના**

વિભાગ-૧ (નવી બાબત)

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: એફએસટી/૧૧૧૭/૧૦૯૦/મ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૦૫/૦૫/૨૦૧૮

વંચાણે લીધા :-

(૧) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સંશોધન અને તાલીમ, ગાંધીનગરના તા. ૨૧/03/૨૦૧૮ પત્ર ક્રમાંક: અ/બજેટ/ટે.૩/૭૦૭-૦૮/૨૦૧૭-૧૮

## ઠ રા વ

સને ૨૦૧૮-૧૯ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં આ યોજના માટે વિભાગ-૧ નવી બાબતે કુલ રૂ. ૪૩૮.૦૦ લાખ (અંકે રૂપિયા ચાર કરોડ આડત્રીસ લાખ પુરા) ની જોગવાઇ કરવામાં આવી છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધા ક્રમાંક-(૧) સામેના પત્રથી અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સંશોધન અને તાલીમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણાને અંતે, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સંશોધન અને તાલીમ ગાંધીનગરના ઉપર વંચાણે લીધા ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા. ૨૧/03/૨૦૧૮ ના પત્રમાં જણાવેલ કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધિન સને ૨૦૧૮-૧૯ ના સમગ્ર વર્ષ માટે કુલ રૂ. ૪૩૮.૦૦ લાખ (અંકે રૂપિયા ચાર કરોડ આડત્રીસ લાખ પુરા) ના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**મંજૂર કરેલ રકમ**

| | | |
|---|---|---|
| આવર્તક | : | રૂ. ૦.૦૦ લાખ |
| અનાવર્તક | : | રૂ. ૪૩૮.૦૦ લાખ |
| કુલ | : | રૂ. ૪૩૮.૦૦ લાખ |

3. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | | સંખ્યા | દર રૂ. | કુલ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ના વર્ષ માટે માંગણી કરવામાં આવેલ આઈટમોની નવી બાબતની દરખાસ્ત | | | | |
| | ૧. | ગુજરાત ફોરેસ્ટ રેન્જર્સ કોલેજ(વડિયા પેલેસ), રાજપીપળાના બિલ્ડીંગ સમારકામ તેમજ અપગ્રેડેશન | | ૦.૦૦ | ૨૦૦.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ૨. | ગુજરાત ફોરેસ્ટ રેન્જર્સ કોલેજ, રાજપીપળા ખાતે મહિલા તાલીમાર્થીઓ માટે નવી હોસ્ટેલ અને પુરૂષ તાલીમાર્થીઓ માટેની હયાત હોસ્ટેલનું અપગ્રેડેશન | | ૦.૦૦ | ૧૩૮.૦૦ |
| | ૩. | કાકરાપાર અને ડુંગરડા તાલીમ કેન્દ્ર ખાતે તાલીમાર્થીઓ માટેની હોસ્ટેલ તથા અન્ય સુવિધાઓ ઉભી કરવા માટે. | | ૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | | કુલ | | | ૪૩૮.૦૦ |

૪. આ યોજનાને નીચે જણાવેલ શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૧૮-૧૯ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૩. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૫. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૭. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

૯. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક- ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧,તા.૨૦/૫/૯૬ના ઠરાવ ક્રમાંક-- ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫- ઝ૧ તથા તા. ૯/૯/૯૮ના ઠરાવ ક્રમાંક-- ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮) ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું યુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૧૨. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૧૩. રેલ્વે, નેશનલ હાઈવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

૧૪. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૫. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

૧૭. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૧૮. આ કામો માટે જમીન સંપાદન કરવાની જરૂરિયાત હિય તો તે સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએથી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૧૯. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલ વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૨૦. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૨૧. તાલીમ માટે વિભાગની વહીવટી મંજૂરી મેળવી ઉક્ત યોજના અંતર્ગત કાર્યો કરવાના રહેશે તેમજ નિર્ણયો અંગેની જાણ અદ્યતન રીતે વિભાગને મળી રહે તે રીતે વિભાગને પહોંચાડવાની રહેશે.

૨૨. આ મંજૂરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે, રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણોને આધીન./નિયમાનુસાર અને નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

૨૩. કામગીરી/ હાથ ધરાનાર પ્રવૃતિઓની રૂપરેખા તૈયાર કરી વિભાગ કક્ષાએ મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૧૮-૧૯ ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૬ |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્ય સદર | : | ૨૪૦૬- વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૭૯૬ આદિજાતી વિસ્તાર પેટા યોજના |
| પેટા સદર | : | (૦૩) એફએસટી-૧૫-વન સંશોધન |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાં વિભાગની તા. ૦૨/૦૪/૨૦૧૮ તથા માર્ગ અને મકાન વિભાગની તા. ૨૩/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. એસ. ખરાડી)
સેકશન અધિકારી
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (સંશોધન અને તાલીમ) ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (નાણાકીય વ્યવસ્થાપન), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આદિજાતી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ.
- સીલેકટ ફાઇલ
- સીસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગ - IWDMS પર મૂકવા માટે.